## આણંદ કૃષિ યુનિવર્સિટીની આંતર કૃષિ યુનિવર્સિટી પોલીટેક્નીક રમત-ગમત સ્પર્ધામાં સિધ્ધિ

ગુજરાત રાજ્ય આંતર કૃષિ યુનિવર્સિટી પોલીટેક્નીકની વોલીબોલ, ખો-ખો અને ટેબલ ટેનિસ રમત-ગમતની સ્પર્ધાઓ તા .૨૯/૦૨/૨૦૨૦ ના રોજ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરના યજમાન પદે યોજાયેલ. જેમાં ગુજરાત રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીના પોલીટેક્નીકના વિધાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ પોલીટેક્નીકના કુલ ૨૩ વિધાર્થીઓએ ડૉ. દિનેશ એચ. પટેલ , નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણના સીધા માર્ગદર્શન હેઠળ વોલીબોલ , ખો-ખો અને ટેબલ ટેનિસ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. આણંદ કૃષિ યુનિવર્સિટી વતી ટીમ મેનેજર તરીકેની કામગીરી શ્રી એમ.એમ. સૈયદ , ખેતી અધિકારી , આ,કૃ.યુ., વસોએ નિભાવેલ. સદર રમતોત્સવમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની ટીમ વોલીબોલ અને ટેબલ ટેનિસ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી આણંદ કૃષિ યુનિવર્સિટીનું ગૌરવ વધારેલ. આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. આર.વી. વ્યાસ તેમજ નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ , ડૉ. દિનેશ એચ. પટેલે તમામ સ્પર્ધકોને વિજેતા થવા બદલ અભિનંદન પાઠવેલ.




